# ITans મલ્ટિડિસિપ્લિનરી એન્જિનિયર બને

- આઇઆઇટી ગાંધીનગરના ત્રીજા પદવીદાન સમારોહ

- ૧૨૧ બી.ટેક, ૩૬ એમ.ટેક અને બે પીએચ.ડી સ્ટુડન્ટને પદવી એનાયત કરાઇ



આઇઆઇટીનો સ્ટુડન્ટ માત્ર એન્જિનિયર જ ન બને પરંતુ દુનિયામાં શું બની રહ્યું છે?, શેરબજારની ઉથલપાથલ શું છે? નેશનલ ન્યૂઝ ક્યાં ચાલે છે? આમ તમામ બાબતથી અવગત હોવો જોઇએ. જો આઇઆઇટીઅન્સનું કરન્ટ અફેર સ્ટ્રોંગ હશે તો ગુડ કોમ્યુનિકેશન સ્કિલ આવશે. આઇઆઇટીનો સ્ટુડન્ટ મલ્ટિ ડિસિપ્લિનરી એન્જિનિયર બને. આ શબ્દો છે ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી(આઇઆઇટી), ગાંધીનગર ત્રીજા પદવીદાન સમારોહના મુખ્ય અતિથિ કે. વેન્કેટરમનનના. આઇઆઇટી ગાંધીનગર ત્રીજા પદવીદાન સમારોહની સાથે તેની છઠ્ઠી બર્થ ડે પણ કેમ્પસમાં ઉજવાઇ હતી.

આઇઆઇટી ગાંધીનગરના ત્રીજા પદવીદાન સમારોહમાં ૧૨૧ બી.ટેક, ૩૬ એમ.ટેક અને બે પીએચ.ડી સ્ટુડન્ટને ડિગ્રી એનાયત કરાઇ હતી. એક મલ્ટીનેશનલ કંપનીના સીઇઓ કે. વેન્કેટરમનન આઇઆઇટી દિલ્હીના પૂર્વ સ્ટુડન્ટ રહી ચૂક્યાં છે. તેઓ કહે છે કે દરેક સ્ટુડન્ટ કૂપમંડુકતાને તોડી નવું વિચારે. તે પોતાના વર્કને એન્જોય કરતાં શીખે. સાતે દિવસના ૨૪ કલાક પોતાના કામને એન્જોય કરે. કારણ કે એન્જોયમેન્ટ વિના ઉમદા વ્યક્તિ, ઇનોવેટર બની નહીં શકાય. ગ્રેટ બર્ડનને પણ એન્જોયમેન્ટ દ્વારા સ્લોવ કરી શકાય છે. હંમેશા શીખતા રહો દેરકની લાઇફ નેગેટિવ ઇન્ફ્લ્યુઅન્સથી ભરેલી છે. પરંતુ આ તમામ બાબતોને દૂર ધકેલી એન્જોય કરતાં શીખો.

આઇઆઇટી ગાંધીનગરના બોર્ડ ઓફ ગવર્નરના ચેરમેન અને ઇન્ડિયન નેશનલ એકેડમિ ઓફ એન્જિનિયરિંગ, ન્યૂ દિલ્હીના પ્રેસિડન્ટ ડૉ. બળદેવ રાજ કહે છે કે આઇઆઇટીનો સ્ટુડન્ટ એમઆઇટી, સ્ટેનફર્ડ કે જ્યોર્જિયા જેવી ઇન્સ્ટિટયૂટમાં ભલે સ્ટડી માટે જાય પરંતુ પોતાની માતૃભૂમિને ન ભૂલે. આજે સાયન્સ અને ટેકનોલોજી વિના દુનિયા અધુરી છે. છેલ્લાં ૫૦ વર્ષમાં ઇન્ડિયામાં સાયન્સ- ટેકનોલોજીએ વિશ્વમાં નામના કમાઇ છે. આટલું હોવા છતાં આજે ૩૦ ટકા ઇન્ડિયન પિપલ ફૂડ, દુષિત વૉટર જેવી અને બેઝિક ફેસેલિટી સામે લડી રહ્યાં છે. આઇઆઇટીઅન્સે નવા ઇનોવેશન, સાયન્સની મદદથી આ દેશને મોડર્ન બનાવવાનો છે. તેમે કોઇપણ હોદ્દા પર હોવા રોકાયા વિના શીખતાં રહો. કોઇપણ ઇન્સ્ટિટયૂટનું જોઇએ તો પ્રથમ ટીચર આવે. કારણ કે ટીચર વિના ઇન્સ્ટિટયૂટ ગ્રેટ ન બની શકે. બીજા તબક્કે સ્ટુડન્ટસ.. સ્ટુડન્ટસ.. અને સ્ટુડન્ટસ.. ત્યારબાદ ઇન્સ્ટિટયૂટની ઇકોસિસ્ટમ કારણ કે હ્યુમન ફ્રેન્ડલી એન્વાયરમન્ટ હોવું આવશ્યક છે. આઇઆઇટી ગાંધીનગરનું નવું કેમ્પસ ઇનોવેટિવ બની રહ્યું છે. આ વર્ષે સૌથી વધુ ગુજરાતી સ્ટુડન્ટસ બી.ટેક અને એમ.ટેકમાંથી ડિગ્રી લીધી.